**C R M A NO**.97/2026

**−:: એપેલન્ટ/આરોપીની લીમીટેશન એકટની કલમ−પ મુજબ**

**વીલંબ માફની અરજી લગત હુકમ :−**

સદર કામે હાલની અરજી એપેલન્ટ/આરોપીએ પેટલાદના મહે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ધ્વારા ક્રિમનીલ કેસ નં.૮૩ર/ર૦રર ના કામે આંક−૪૧ થી જે હુકમ કરેલ છે, તે હુકમ સામે અપીલ દાખલ કરવા માટે જે વીલંબ થયેલ છે તે વીલંફ માફ કરવા માટે અરજ કરેલ છે. વધુમાં જણાવે છે કે વિ. ટ્રાયલ કોર્ટે સદર હુકમ સાથે નોનબેલેબલ વોરંટ પણ ઈસ્યુ કરેલ. વધુમાં જણાવે છે કે અરજદાર/ આરોપીને વાદગ્રસ્ત હુકમની જાણ થતા વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થયેલ અને વિ.ટ્રાયલ કોર્ટે અરજદાર/આરોપીને કસ્ટડીમાં લીધેલ. જેથી અરજદાર/આરોપીને અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે અને તે વિલંબ તેઓએ જાણીબુજીને કરેલ નથી. જે તમામ કારણો ધ્યાને રાખી હાલની અરજી મંજુર કરી અપીલ દાખલ કરવા અરજ ગુજારેલ છે.

સદર કામે રીસ્પોન્ડન્ટ/ફરીયાદીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે અને તેની બજવણી થતા તેઓ વિ.વ.શ્રી. મારફતે હાજર થયેલ છે પરંતુ કોઈ રજુઆત કરેલ નથી.

આમ રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતા એપેલન્ટ/આરોપીને નામદાર કોર્ટના ક્રિમનીલ કેસ નં.૮૩ર/ર૦રર ના કામે આંક−૪૧ થી જે હુકમ થયેલ છે, તે હુકમ સામે અપીલ દાખલ કરવામાં વીલંબ થયેલ હોવાનું જણાય આવે છે પરંતુ સાથે સાથે એ હકીકત પણ ધ્યાને લેવામાં આવે છે કે એપેલન્ટ/આરોપી સદર હુકમ જાહેર કરવામાં આવેલ ત્યારે નામદાર કોર્ટમાં હાજર ન હતા તેમજ તેમના વિરુધ્ધ વિ.ટ્રાયલ કોર્ટે નોનબેલેબલ વોરંટ ઈસ્યુ કરેલ હતું તેમજ અરજદાર/આરોપીને વાદગ્રસ્તી હુકમની જાણ થતા તેઓ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર

**C R M A NO.**97/2026

થયેલ તથા વિ.ટ્રાયલ કોર્ટે અરજદાર/આરોપીને કસ્ટડીમાં લીધેલ હોવાથી અપીલ દાખલ કરવામાં તેમને વિલંબ થયેલ હોવાનું જણાય આવે છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા હાલની વીલંબ માફની અરજી ખર્ચ સાથે મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાય આવતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) એપેલન્ટ/આરોપીની લીમીટેશન એકટની કલમ-૫ મુજબ વીલંબ માફની અરજી આથી '' **મંજુર** '' કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ/આરોપીએ સદર હુકમ થયાના દિન-૨ માં તાલુકા કાનુની સેવા સત્તા મંડળ, પેટલાદ ખાતે રૂા.૧૫૦૦/- (અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા) ભર્યેથી અપીલ દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૦૪, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૦૪/૦૭/૨૦૨૬
સ્થળ-પેટલાદ.

(ઝંખના વિ. ત્રીવેદી)
બીજા એડીશનલ સેશન્સ જજ, પેટલાદ.
Code No.GJ-00676

સ્ટેનો-જે.ટી.રાણા.